સૌરાષ્ટ્ર લેઉવા પટેલ સમાજનું મુખપત્ર

# પટેલ સુવાસ

Year : 42 ❖ Issue : 7 ❖ Retail Price ₹.35 ❖ Total Pages : 52

Annual Subscription : ₹.300/- ❖ October-2019



## દિવાળી : પ્રકાશનું પર્વ

### દિવાળીઃ તહેવાર ભારતનો ઉજવણી દુનિયાભરમાં

### વરસાદી જળ સંગ્રહ : અતિવૃષ્ટિના અભિશાપને આશિર્વાદમાં બદલવાનો ઉપાય


# અનુક્રમણિકા

**પર્વ વિશેષ**

**દિવાળી : પ્રકાશનું પર્વ**

વિક્રમ સંવત પ્રમાણે વર્ષના અંતિમ માસ આસોની અમાસ એટલે દિવાળી. પ્રભુ રામ રાવણ વધ કરી આ દિવસે અયોધ્યા પહોંચ્યા હતા. અંધારી અમાસની રાતને પ્રકાશના દીવડાઓથી શણગારીને દિવાળી મનાવવાની પરંપરા ત્યારથી ચાલી આવે છે.

૨૦-૨૧




- **તંત્રી સ્થાનેથી...**
  જળસંગ્રહ અને જળ વ્યવસ્થાપન માળખું હશે, તો ખેડૂતોની દિવાળી પણ ઉત્સાહપુર્ણ બનશે... ૦૭
- **સંસ્થા સમાચાર**
  પૌત્ર વિદેશ અભ્યાસાર્થે જતાં સુખડિયા પરિવારે છાત્રાલયની બહેનોને ભોજન કરાવ્યું ૦૮
  કન્યા છાત્રાલયનાં પટાંગણમાં ગણેશોત્સવની ભવ્યાતિભવ્ય ઉજવણી કરાઈ ૦૯
  કુમાર છાત્રાલય ખાતે ગણપતિ બાપ્પાનો ભવ્ય અન્નકુટ ભરાયો ૧૦
  કન્યા છાત્રાલય ખાતે દાતાઓ દ્વારા છાત્રાઓને ભોજન કરાવાયું ૧૧
  કુમાર છાત્રાલયનાં છાત્રોને ટ્રાફિક સેન્સથી અવગત કરાયા ૧૨
  ઓસ્ટ્રેલિયન સિંગર શ્રી કાર્તિક પટેલ છાત્રાલયની મુલાકાતથી અભિભૂત ૧૩
  વરાછા બેંકની યશકલગીમાં શ્રીરંગી એવોર્ડનું પીંછુ ઉમેરાયું ૧૪
- **લગ્ન વિષયક** ૧૬-૧૭
- **પર્વ વિશેષ**
  દિવાળી : પ્રકાશનું પર્વ ૨૦-૨૧
- **પરંપરા**
  દિવાળી: તહેવાર ભારતનો ઉજવણી દુનિયાભરમાં ૨૫
- **વિચારણીય**
  વરસાદી જળ સંગ્રહ: અતિવૃષ્ટિના અભિશાપને આશિર્વાદમાં બદલવાનો ઉપાય ૨૭
- **સ્વાસ્થ્ય સંસ્કાર**
  સુવર્ણપ્રાશન સંસ્કાર: એક સંપૂર્ણ ભારતીય પરંપરા ૩૦
- **કલંકિત ઈતિહાસ**
  'ભારતમાંથી શક્ય એટલા વધુ ગુલામ મોકલાવો!' ૩૪
- **અહા! ચિંતન**
  ટેક્નોલોજી હવે માણસને સાચું બોલવા મજબૂર કરશે! ૩૮
- **લાઈફ ફંડા**
  ક્રિયેટિવ જિંદગી જીવવાની કળા ૪૦
- **સમસ્યા**
  વિશ્વભરમાં ડ્રાઈવિંગ અને ટ્રાફિક નિયમન સામે રહેલાં મોટા પડકારો ૪૩
- **વુમન પાવર**
  નંદીની હરીનાથ: મંગલાયનનું મહિલા ગૌરવ ૪૬
- **સફળતા**
  'ફાર્મિસન': ખેતીમાંથી સમૃદ્ધિનું સફળ મોડલ ૪૭
- **હેલ્થ-વેલ્થ**
  વજન ઘટાડવા આટલું કરો ૪૮



# પટેલ સુવાસ

**તંત્રી**
શ્રી દેવજીભાઈ એમ. પટેલ (સોજીત્રા)
મો. ૮૮૬૬૦ ૩૨૮૮૮

**સહતંત્રી**
શ્રી દિવ્યેશ વેકરિયા
મો. ૯૮૭૯૧૧૯૨૦૪

લે-આઉટ ડિઝાઈન : યોગેશ પટેલ

**સંપાદક મંડળ**
શ્રી દેવજીભાઈ એમ. સોજીત્રા
શ્રી હિંમતભાઈ બી. કસવાળા
શ્રી પરસોત્તમભાઈ બી. કકાણી
શ્રી પ્રાગજીભાઈ પી. ગામી

**સલાહકાર સમિતિ**
શ્રી વલ્લભભાઈ કાકડિયા
શ્રી ધરમશીભાઈ મોરડિયા
શ્રી રવજીભાઈ વસાણી
શ્રી ગુણવંતભાઈ સોજીત્રા
શ્રી બાબુભાઈ શેલડીયા
શ્રી પુરૂષોત્તમભાઈ ગેવરિયા

**શ્રી સૌરાષ્ટ્ર પટેલ કેળવણી મંડળ, અમદાવાદ - હોદ્દેદારશ્રીઓ**
પ્રમુખ : શ્રી દેવજીભાઈ સોજીત્રા
ઉપપ્રમુખ : શ્રી રમેશભાઈ ડોબરિયા
ઉપપ્રમુખ : શ્રી ઘનશ્યામભાઈ હિરપરા
મંત્રી : શ્રી મનોજભાઈ ડોબરિયા
ખજાનચી : શ્રી મગનભાઈ સેંજલિયા

Published by :
Devjibhai M. Patel
on behalf of
Shree Saurashtra Patel Kelavani Mandal,
Gulbai Tekra, Ellisbridge,
Ahmedabad - 380 006. Gujarat.
Tel. No. 079 - 26307099, 8866032888
Printed by: Kewal Offsset,
F-11-38, Ravi Estate,
Nr. Torrent Power Subsation,
Dudheshwar, Ahmedabad-4, Gujarat.
OWNER :
SHREE SAURASHTRA PATEL
KELAVANI MANDAL

# 'પટેલ સુવાસ' : લવાજમ બાબત

| લવાજમ દર | |
|---|---|
| વર્ષ | લવાજમ |
| ૧ | રૂ.૩૦૦/- |
| ૩ | રૂ. ૭૫૦/- |
| ૧૦ | રૂ. ૨૦૦૦/- |
| લગ્ન વિષયક : ૧ માસ માટે | રૂ. ૫૦૦/- |

| ધંધાકીય જાહેરાત | વાર્ષિક રૂા. |
|---|---|
| એ - કવર પેજ આખુ પાનુ મલ્ટીકલર | રૂ.૮૦,૦૦૦/- |
| બી - અંદરનું આખુ પાનુ મલ્ટીકલર | રૂ.૬૦,૦૦૦/- |
| સી - અડધું પાનુ મલ્ટીકલર | રૂ.૩૦,૦૦૦/- |

ધંધાકીય જાહેરાત માસિક / ત્રિમાસિક ધોરણે પણ સ્વિકારવામાં આવશે.

## લવાજમ સ્વિકારવાનું સ્થળ

### અમદાવાદ

- **શ્રી સૌરાષ્ટ્ર પટેલ કેળવણી મંડળ,**
  ગુલાબાઈ ટેકરા, એલીસબ્રીજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬.
- **બાપુનગર :** પટેલવાડી, ઘંટી સ્ટેન્ડ પાસે.
- **મણીનગર :** પટેલ સમાજની વાડી.

### અમરેલી

- **શ્રી દિપક ધાનાણી** - બાલમુકુંદન મોબાઈલ,
  અજમેરા સ્કૂલ, સ્ટેશન રોડ,
  અમરેલી. મો.૯૮૭૯૧ ૧૮૫૦૫

### સુરત

- **શ્રી સૌરાષ્ટ્ર પટેલ સેવા સમાજ**
  ૧૦૧, સુપર ડાયમંડ માર્કેટ, મોહનની ચાલ સામે,
  વરાછા રોડ, મીની બજાર, સુરત. મો. ૯૮૭૯૫ ૩૧૧૮૩
- **શ્રી કિશન કોશિયા** -
  ૩૧૦, સ્વસ્તિક પ્લાઝા, યોગી ચોક,
  વરાછા, સુરત-૩૯૫ ૦૦૬. મો.૯૬૮૭૬ ૩૯૯૬૦

### નવસારી

- **શ્રી શંભુભાઈ મુળજીભાઈ કરકર**
  ૯, અયોધ્યાનગર-૧, 'કર્મ', એગ્રિકલ્ચરલ કોલેજ રોડ,
  મુ.વિજલપોર, જિ.નવસારી. પીન-૩૯૬૪૫૦
  મો.૦૯૪૨૭૧૬૯૯૯૦, ૦૭૬૯૮૨૬૭૫૯૮

**આ અંકમાં રેપર ઉપર છપાયેલી તારીખ તમારૂ લવાજમ પુરૂ થવાનું સુચન કરે છે. તો વહેલી તકે નવું લવાજમ ભરીને 'પટેલ સુવાસ' માસિક મેળવતાં રહો. નોંધ : કમ્પલેઈન માટે મો. નં. ૮૮૬૬૦ ૩૨૮૮૮ પર સંપર્ક કરવો.**

## શ્રી સૌરાષ્ટ્ર પટેલ કેળવણી મંડળ

વેબસાઈટ : **www.sspkm.org** - ઈ-મેઈલ : **sphostel@gmail.com**

ફોન નંબર : **(079) 26307099, 88660 32888,** મોબાઈલ નંબર : **96621 22364, 63520 96322** (વોટ્સએપ માટે)

મેટ્રીમોનીયલ (લગ્ન વિષયક) વેબસાઈટ : **www.pateljeevansathi.org**

'પટેલ સુવાસ'માં લગ્ન વિષયક જાહેરાત આપેલ હશે, તેમને મેટ્રીમોનીયલ વેબસાઈટ પર એક વર્ષ માટે ફ્રી લીસ્ટીંગ આપવામાં આવશે.
અન્ય માટે લીસ્ટીંગ ચાર્જ વાર્ષિક રૂ.૫૦૦ લેવામાં આવશે.

**આ વેબસાઈટ પરથી અનેક યુવક-યુવતિઓ (કપલ્સ) જીવનસાથી પસંદ કરીને જીવનમાં સેટ થયા છે. તે સૌને ખૂબ ખૂબ અભિનંદન...**
**જે પાત્રો લગ્નજીવનથી જોડાઈ ચૂક્યા હોય તેઓએ ફોન કરીને જાણ કરવી. જેથી તેમનું નામ લીસ્ટ / વેબસાઈટમાંથી કમી કરી શકાય.**

# જળસંગ્રહ અને જળ વ્યવસ્થાપન માળખું હશે, તો ખેડૂતોની દિવાળી પણ ઉત્સાહપુર્ણ બનશે...

'પટેલ સુવાસ'નો આ અંક આપણાં હાથમાં હશે ત્યારે આપણે સૌ દિવાળીની ઉજવણીની તૈયારીઓમાં લાગી ગયા હોઈશું. દીપાવલીનું પર્વ એ આશા-ઉમંગની વધામણીનું પર્વ છે. આ પર્વે સૌ એક-બીજાને પ્રેમપૂર્વક મળી પ્રેમ અને શુભેચ્છાઓની આપ-લે કરે છે. આ પર્વે પ્રજ્વલ્લિત દીવાઓની હારમાળાની ભવ્યતા સૌને રોમાંચિત કરી મુકે છે. દિપાવલીએ પ્રકાશ પર્વ છે અને દીવો એ જ્ઞાનનું પ્રતીક છે. યુગોથી ભારતીય સંસ્કૃતિએ અજ્ઞાનતા અને અંધકારને દૂર કરવા જ્ઞાનરૂપી દીવાની સમજ સ્વીકારી છે.

જોકે, આ વર્ષે જરૂરિયાત કરતાં વધુ વરસાદી મેઘમહેર થઈ હોવાથી ખેતીની એક આંશિક કે સંપૂર્ણ નિષ્ફળ ગઈ છે, જેને કારણે ખેડૂતો માટે દિવાળીનો ઉત્સાહ આછેરો પણ હોઈ શકે. વરસાદ ઓછો કે નહિંવત પડે ત્યારે ખેડૂતનું વર્ષ નિષ્ફળ જાય તે સ્વાભાવિક છે, પરંતુ ચોમાસું ભરપૂર હોય ત્યારે પણ જગતનાં તાતને મહદ્અંશે નુકશાન વેઠવું જ પડે છે. કારણ કે કુદરત અનરાધાર વરસે ત્યારે આપણે તેને રોકી શકતા નથી, અને એ વધુ પડતાં વરસાદી પાણીનાં સંગ્રહ કે વપરાશનું યોગ્ય વ્યવસ્થાપન આપણે હજુ સુધી ગોઠવી શક્યા નથી.

વર્તમાન સમયે દેશમાં સર્વત્ર પાણી જ પાણી છે. લગભગ તમામ ચેકડેમો છલકાયા છે અને નદીઓમાં ત્રણથી ચાર વખત પૂર આવી ગયા છે, તો કેટલીક નદીઓ તો હજુ પણ ભયજનક સપાટી ઉપર વહે છે. આભમાંથી હજુ પાણી પડવાની શક્યતાઓ પણ છે, કારણ કે ચોમાસાએ હજુ વિદાય લીધી નથી. હવામાન નિષ્ણાંતોનાં મતે આ વર્ષે ચોમાસુ મોડું પુરુ થશે.

એક રીતે, જ્યાંના મહાનગરો માટે ઉનાળામાં સૌથી મોટી સમસ્યા પીવાનું પાણી હોય તે દેશ માટે ચોમાસુ લંબાય તે આશિર્વાદ સમાન ગણી શકાય. પરંતુ ખેડૂત અને ખેતી માટે તે આફતરૂપ બની જાય છે. લાંબુ ચોમાસુ અને અતિવૃષ્ટિ ખેડૂતો માટે અભિશાપ રૂપ છે. જોકે, વરસાદી પાણીનાં સંગ્રહ વડે આ અભિશાપને આશિર્વાદમાં બદલી શકાય છે. એ માટે ખેડૂતોએ જળસંગ્રહ અને જળ વ્યવસ્થાપન યોગ્ય માળખું તૈયાર કરવું પડશે.

વરસાદી પાણીનાં યોગ્ય વ્યવસ્થાપનની જવાબદારી સરકારની પણ બને છે. જોકે, નિંભર તંત્રનાં સહારે બેઠા રહેવાને બદલે હવે ખેડૂતોએ પોતે જ જળ સંગ્રહ-જળ વ્યવસ્થાપનની યોગ્ય કામગીરી કરીને અનારાધાર ચોમાસાની આફતને અવસરમાં બદલવી પડશે. જો એમ થશે તો ખેડૂતોની દિવાળી પણ ઉત્સાહપૂર્ણ બની રહેશે.



**આપ સર્વેને દિવાળીની શુભકામનાઓ અને નૂતન વર્ષાભિનંદન**

**જય હિન્દ...**

# સુખડિયા પરિવાર દ્વારા પૌત્ર વિદેશ અભ્યાસાર્થે જતાં કુમાર અને કન્યા છાત્રાલયમાં ભોજન કરાવાયું / શુભેચ્છાઓ અપાઈ







શ્રી સૌરાષ્ટ્ર પટેલ કેળવણી મંડળ, અમદાવાદ સંચાલિત કન્યા છાત્રાલય ખાતે તા. ૨૬ ઓગસ્ટ, ૨૦૧૯નાં રોજ છાત્રાલયનાં કારોબારી સભ્ય શ્રી વીરજીભાઈ સુખડિયાનાં પૌત્ર ચિ. ઓમ સુખડિયા ઉચ્ચ અભ્યાસ અર્થે યુ.એસ.એ. ભણવા ગયેલ છે, તેની ખુશીમાં તેમનાં ભાઈ શ્રી ભરતભાઈ તથા સુખડિયા પરિવાર તરફથી કુમાર અને કન્યા બંને છાત્રાલયમાં ભોજન કરાવવામાં આવ્યુ હતું.

ભોજન બાદ પ્રાર્થનાનું પણ આયોજન કરાયું હતું, જેમાં બહેનો દ્વારા સામૂહિક પ્રાર્થના કરવામાં આવી હતી અને નૃત્ય પણ રજૂ કરવામાં આવ્યુ હતું. આ પ્રસગં ટ્રસ્ટીશ્રીની સુપુત્રીએ પણ ગીત ગાઈને પોતાની ખુશી વ્યક્ત કરી હતી.

અંતમાં સંસ્થાના પ્રમુખ શ્રી દેવજીભાઈ સોજીત્રાએ આભારવિધિ કરી હતી અને ચિ. ઓમ સુખડિયા પોતાના અભ્યાસમાં ખૂબ આગળ વધે અને પ્રગતિ કરે તેવી છાત્રાલયની બહેનો અને સમગ્ર સંસ્થા વતી શુભેચ્છાઓ પાઠવીને કાર્યક્રમનું સમાપન કર્યું હતું.

# સમાજ ગૌરવ : વડિયાની દિકરી દિપ્તી પાઘડાળ નાયબ મામલતદાર બની



અમરેલી જિલ્લાના વડિયા ગામમાં મેડિકલ સ્ટોર ચલાવતાં શ્રી રમેશભાઈ પાઘડાળની દિકરી દિપ્તી નાની વયમાં પગ ગુમાવ્યા બાદ પણ હિંમત ન હારીને જીવનની અડચણોને અવગણીને માત્ર પોતાના લક્ષ્ય પર ફોકસ કરીને નાયબ મામલતદારની અસામાન્ય સિદ્ધિ મેળવવામાં સફળ રહી છે.

મુળ બરવાળાના બાવળ ગામનાં વતની અને છેલ્લા ૩૦ વર્ષથી વડિયામાં સ્થાયી થયેલા રમેશભાઈ તેમજ જયાબેન પાઘડાળની દિકરી દિપ્તી બાળપણથી જ અભ્યાસમાં તેજસ્વી રહી છે. તેણે ધો. ૧૦ અને ધો.૧૨માં અવ્વલ નંબર પર રહીને શિલ્ડ પણ મેળવ્યુ હતું. દિપ્તીએ હાલમાં જ અમદાવાદ ખાતેનાં કેળવણીધામ સંચાલિત સિવિલ સર્વિસ કેન્દ્ર ખાતે તાલીમ મેળવીને તા.૧૩ સપ્ટેમ્બરનાં રોજ નાયબ મામલતદાર ઓફિસર માટેની જીપીએસસી પરીક્ષા પાસ કરી દીધી છે. દિપ્તીને ખૂબ ખૂબ અભિનંદન...

# કન્યા છાત્રાલયનાં પટાંગણમાં
# ગણેશોત્સવની ભવ્યાતિભવ્ય ઉજવણી કરાઈ





શ્રી સૌરાષ્ટ્ર પટેલ કેળવણી મંડળ, અમદાવાદ સંચાલિત કન્યા છાત્રાલય ખાતે ગણપતિ બાપ્પાની સ્થાપનાથી લઈને વિસર્જન સુધીનો ઉત્સવ ખૂબ જ અવિસ્મરણિય રહ્યો હતો. આ ઉત્સવની ઉજવણીમાં તમામ છાત્રાઓ, સંસ્થાના ટ્રસ્ટીશ્રીઓ તથા રેક્ટરશ્રીઓનો સંપૂર્ણ સહયોગ સાંપડ્યો હતો.

સ્થાપનાના પ્રથમ દિવસથી જ દરરોજ સવાર-સાંજ ગણપતિ બાપ્પાની આરતી તથા ત્રણ ટાઈમ ભોગ ધરાવવામાં આવતો હતો. બાદમાં ગરબાનું આયોજન કરાયું હતુ. ઉત્સવ દરમિયાન શ્રી ગણપતિ બાપ્પાનો અન્નકુટ પણ ભરવામાં આવ્યો હતો. સતત આઠ દિવસ સુધી ઉજવાયેલા આ ઉત્સવમાં છાત્રાઓએ ખૂબ જ મહેનત કરી હતી.

નવમાં દિવસે વિસર્જન વેળાએ બાપ્પાની મહાઆરતીનું આયોજન કરાયું હતું. જેમાં સંસ્થાના પ્રમુખ શ્રી દેવજીભાઈ સોજીત્રા ઉપરાંત મહેમાનશ્રીઓમાં શ્રીમતી સુરેખાબેન કાકડિયા, શ્રીમતી સુરેખાબેન પાદરિયા, શ્રીમતી હર્ષાબેન સખવાળા, શ્રી દિલીપભાઈ સખવાળા અને શ્રી ભરતભાઈ રાદડિયાના હસ્તે આરતી ઉતારવામાં આવી હતી. ત્યારબાદ છાત્રાઓ ગરબે ઘૂમી હતી અને બાદમાં વાજતે-ગાજતે બાપ્પાને વિદાય આપવામાં આવી હતી. આમ સમગ્ર ગણેશોત્સવ વિસ્મરણીય બની રહ્યો હતો.

# પ્રા. અશ્વિન આણદાણીને પી.એચડી.ની પદવી એનાયત



સૌરાષ્ટ્ર લેઉવા પટેલ સમાજનાં અગ્રણી અને હાલ બોપલ, અમદાવાદ ખાતે રહેતાં શ્રી અશ્વિનભાઈ એમ. આણદાણીએ 'કવિ શ્રી રાજેન્દ્ર શુક્લ, રાજેશ વ્યાસ 'મિસ્કીન' અને હરીશ મીનાશ્રુની ગઝલોમાં આધ્યાત્મિકતા' વિષય પર તૈયાર કરેલ મહાશોધનિબંધને ગુજરાત યુનિવર્સિટીએ માન્ય રાખીને તેમને ગુજરાતી વિષયમાં ડોક્ટરેટ ઓફ ફિલોસોફી (Ph.D.)ની માનદ્ પદવી એનાયત કરી છે. પ્રા. અશ્વિનભાઈ જાણીતા વક્તા-પ્રવક્તા છે અને હાલમાં તેઓ સી. એમ. દેસાઈ આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ, વિરમગામ ખાતે સિનિયર પ્રાધ્યાપક અને ગુજરાતી વિભાગનાં અધ્યક્ષ તરીકે ફરજ બજાવે છે. આ મહાશોધનિબંધ તેમણે કાંકણપુર કોલેજના ઈન્ચાર્જ આચાર્ય પ્રા. ડૉ. જે. એમ. શાસ્ત્રીના માર્ગદશર્ન હેઠળ રજૂ કર્યો હતો. અશ્વિનભાઈને તેમની આ સિદ્ધિ બદલ ખૂબ ખૂબ અભિનંદન...

# કુમાર છાત્રાલય ખાતે ગણેશ ઉત્સવ દરમિયાન
# ગણપતિ બાપ્પાનો ભવ્ય અન્નકુટ ભરાયો



શ્રી સૌરાષ્ટ્ર પટેલ કેળવણી મંડળ, અમદાવાદ સંચાલિત કુમાર તથા કન્યા છાત્રાલય ખાતે ૨ સપ્ટેમ્બર, ૨૦૧૯નાં રોજ શ્રી ગજાનન ગણપતિ બાપ્પાનું સ્થાપન કરાયુ હતુ અને ધામધૂમપૂર્વક ગણેશોત્સવની ઉજવણી કરાઈ હતી. ગણેશોત્સવ દરમિયાન છાત્રાલયમાં જ શ્રી ગણપતિ બાપ્પાનો ભવ્ય અન્નકુટ પણ ભરવામાં આવ્યો હતો અને બાપ્પાને વિવિધ પકવાન/મિષ્ઠાનનો ભોગ ધરાવાયો હતો.

સમગ્ર ગણેશોત્સવ દરમિયાન છાત્રાલયનાં છાત્રો દ્વારા ગણપતિ બાપ્પાની પૂજા-અર્ચના કરવામાં આવી હતી અને રાસ-ગરબાની રમઝટ પણ બોલાવાઈ હતી. સમગ્ર ઉત્સવને સૌએ આનંદ-ઉલ્લાસપૂર્વક માણ્યો હતો.

## શ્રી સૌરાષ્ટ્ર પટેલ કેળવણી મંડળ, અમદાવાદમાં નવા ટ્રસ્ટી તરીકે જેઓએ સંમતિ આપી છે તેમને ટ્રસ્ટી મંડળ તથા સંસ્થા તરફથી ખૂબ ખૂબ અભિનંદન...
## અન્ય સમાજશ્રેષ્ઠીઓને ટ્રસ્ટી બની મદદરૂપ થવા અપીલ

**(૧) શ્રી નટુભાઈ રામજીભાઈ કકાણી**
**(૨) શ્રી જેરામભાઈ છગનભાઈ કાનાણી**
**(૩) શ્રી દિપકભાઈ નાગજીભાઈ હિરપરા**
**(૪) શ્રી ભુપતભાઈ સવજીભાઈ ભાલાળા**

**આ તમામ શ્રેષ્ઠીશ્રીઓનો આભાર સહ ખૂબ ખૂબ અભિનંદન... આ ઉપરાંત બીજા અનેક સમાજ શ્રેષ્ઠીઓને ટ્રસ્ટી થવા માટે આપીલ કરી છે અને સૌ તરફથી ખૂબ જ સારો પ્રતિભાવ પણ મળે છે. તો સમાજ શ્રેષ્ઠીઓને અપીલ છે કે, આપને રૂબરૂ ન મળી શકાયું હોય તો સંપર્ક કરી સંસ્થાને મદદરૂપ થવા વિનંતી...**

# કન્યા છાત્રાલય ખાતે સ્વ. જીતેન્દ્રભાઈની પૂણ્યતિથિએ છાત્રાઓને ભોજન કરાવાયું

શ્રી સૌરાષ્ટ્ર પટેલ કેળવણી મંડળ, અમદાવાદ સંચાલિત કન્યા છાત્રાલય ખાતે તા. ૧૧ સપ્ટેમ્બર, ૨૦૧૯નાં રોજ સંસ્થાના પ્રમુખ શ્રી દેવજીભાઈ સોજીત્રાના વેવાઈ સ્વ. શ્રી જીતેન્દ્રભાઈ પટેલનાં સ્મરણાર્થે ભોજન તિથીની નિમિત્તે છાત્રાઓને ભોજન કરાવવાનાં પરોપકારી વિચાર સાથે સ્વ. જીતેન્દ્રભાઈ સુપુત્ર શ્રી આજલકુમાર, શ્રીમતી ચેતનાબેન (પ્રમુખ શ્રીના સુપુત્રી) તથા પરિવારજનોએ એક ઉત્કૃષ્ઠ ઉદાહરણ પુરુ પાડ્યું હતું.

આ નિમિત્તે છાત્રાલયની ૧૦૦૦ જેટલી વિદ્યાર્થીનીઓએ સ્વ. જીતેન્દ્રભાઈનાં આત્માની શાંતિ માટે પ્રાર્થના કરી હતી તથા સંસ્થા દ્વારા ટ્રસ્ટીશ્રીઓ, હોદ્દેદારશ્રીઓ, કારોબારી સભ્યશ્રીઓ, સભાસદો તથા છાત્ર-છાત્રાઓ વતી સ્વ. શ્રી જીતેન્દ્રભાઈના પરિવારને શુભેચ્છાઓ પણ પાઠવાઈ હતી. બાદમાં સૌ સાથે ભોજન લઈને છુટા પડ્યા હતા.





# સ્વ. બાલુભાઈનાં સ્મરણાર્થે કન્યા છાત્રાલયની બહેનોને ભોજન કરાવાયું



શ્રી સૌરાષ્ટ્ર પટેલ કેળવણી મંડળ, અમદાવાદ સંચાલિત કન્યા છાત્રાલય ખાતે તા. ૧૭ સપ્ટેમ્બર, ૨૦૧૯ને મંગળવારનાં રોજ બપોરે ૧૧.૦૦ કલાકે સંસ્થામાં રૂમના દાતાશ્રી સ્વ. બાલુભાઈ આંબાભાઈ સાકરિયા (અવયવદાતા)નાં સ્મરણાર્થે સ્વ. બાલુભાઈનાં સુપુત્રો શ્રી રાજેશભાઈ, શ્રી જગદીશભાઈ, શ્રી વિપુલભાઈ અને ગં. સ્વ. હંસાબેન બાલુભાઈ સાકરિયા પરિવાર તરફથી છાત્રોને ભોજન કરાવવામાં આવ્યુ હતું. આ પ્રસંગે છાત્રોને અવયવદાન અંગે માહિતી અપાઈ હતી. તેમજ સૌએ પ્રાર્થના કરી સ્મરણાંજલિ આપી હતી.

## ટ્રાફિક અવેરનેસ કાર્યક્રમ અંતર્ગત

# કન્યા છાત્રાલયની બહેનોને ટ્રાફિક સેન્સથી અવગત કરાઈ



શ્રી સૌરાષ્ટ્ર પટેલ કેળવણી મંડળ, અમદાવાદ સંચાલિત કુમાર તથા કન્યા છાત્રાલયમાં જાગૃતિ અર્થેના વિવિધ કાર્યક્રમો ગોઠવવામાં આવે છે. જે અંતર્ગત તા. ૧૮ સપ્ટેમ્બર, ૨૦૧૯નાં રોજ કન્યા છાત્રાલય ખાતે હાલમાં બહુચર્ચિત ટ્રાફિક મુદ્દા અંગે એક અવેરનેસ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.

ભારત સરકારે ટ્રાફિક નિયમો કડક કરીને દંડની જોગવાઈમાં ધરખમ વધારો કર્યો છે ત્યારે, સંસ્થાના પ્રમુખ શ્રી દેવજીભાઈ સોજીત્રા અને ટ્રસ્ટી શ્રી રમેશભાઈ ડોબરિયા દ્વારા ટ્રાફિક જનજાગૃતિ અંગે એક ખાસ કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો, જેમાં મુખ્ય મહેમાન તરીકે ભૂતપૂર્વ આર.ટી.ઓ. ઓફિસર શ્રી રમેશભાઈ જોષીએ ઉપસ્થિત રહીને ટ્રાફિક નિયમો અંગે અગત્યની જાણકારી આપીને ટ્રાફિકના નિયમોનું પાલન આપણાં જીવનમાં કેટલું ઉપયોગી છે તે સમજાવ્યુ હતું. સંસ્થા દ્વારા શ્રી રમેશભાઈ જોષીનું શાલ ઓઢાડીને સન્માન કરવામાં આવ્યુ હતું. શ્રી રમેશભાઈ જોષીએ વ્હિકલ ચલાવતી વખતે હેલ્મેટનો ઉપયોગ કરવા પર ભાર મુકીને ટ્રાફિક નિયમોનું પાલન આપણાં જીવનને કેવી રીતે બચાવે તે અંગે સરળ સમજ આપીને ટ્રાફિક અંગે ચર્ચા કરી હતી.





# ઓરિજનલ 'ચાર બંગડી વાળી ગાડી...' ગીત ફેઈમ
# ઓસ્ટ્રેલિયન સિંગર શ્રી કાર્તિક પટેલ છાત્રાલયની મુલાકાતથી અભિભૂત થયા





શ્રી સૌરાષ્ટ્ર પટેલ કેળવણી મંડળ, અમદાવાદ સંચાલિત કુમાર છાત્રાલય ખાતે ૨૫ સપ્ટેમ્બર, ૨૦૧૯ને ગુરૂવારના રોજ ઓસ્ટ્રેલિયા સ્થિત ગુજરાતી સિંગર શ્રી કાર્તિક પટેલે ખાસ મુલાકાત લીધી હતી.

આ પ્રસંગે સંસ્થાના પ્રમુખ શ્રી દેવજીભાઈ સોજીત્રા, ટ્રસ્ટી શ્રી કમલેશભાઈ ગોંડલિયા, ટ્રસ્ટી શ્રી સંજયભાઈ સાવલિયા, શ્રી જય પિત્રોલા અને વિદ્યાર્થીઓ મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા.

શ્રી કાર્તિક પટેલે હાજર છાત્રોને જણાવ્યુ હતુ કે, તમારી પેશનને જ તમારી કેરિયર બનાવજો. એવું નહીં કે એન્જિનિયરિંગ-મેડિકલ કે ફાર્મસીમાં એડમિશન લીધુ છે તો તે જ કરવું.

સંસ્થાના ટ્રસ્ટી શ્રી સંજયભાઈ સાવલિયાના પ્રયાસો થકી હોસ્ટેલની મુલાકાતે પધારેલા શ્રી કાર્તિક પટેલ હોસ્ટેલમાં ઉપલબ્ધ સુવિધાઓ અને તેનાં સંચાલનથી એટલા પ્રભાવિત થયા હતા કે, તેમણે પોતાનું પ્રિય અને જેના દ્વારા પ્રથમ ગીત કંપોઝ કર્યું હતુ તે કિંમતી કિ-બોર્ડ સંસ્થાને ભેટ ધરી દીધુ હતું. તેમનાં આ પગલાથી હાજર સૌનો ઉત્સાહ બેવડાઈ ગયો હતો.

ઉલ્લેખનિય છે કે, શ્રી કાર્તિક પટેલ ફેમસ ગુજરાતી સોંગ 'ચાર બંગડી વાળી ગાડી...'નાં ઓરિજનલ મેકર-સિંગર-કંપોઝર છે અને હાલમાં આ ગીતનાં હક્ક/ક્રેડીટ બાબતે સિંગર કિંજલ દવે સાથે કોર્ટમાં તેમનો વિવાદ ચાલી રહ્યો છે, જે અનુસંધાને સીટી સિવિલ કોર્ટે કીંજલ દવેને નોટિસ પણ પાઠવી હતી.



# વરાછા બેંકની યશકલગીમાં ત્રીરંગી એવોર્ડનું પીંછુ ઉમેરાયું







સાઉથ ગુજરાત કો. ઓપરેટીવ બેંક્સ એસોસિએશન તરફથી ૯ સપ્ટેમ્બર ૨૦૧૯ને સોમવારના રોજ સિક્કીમ, ગંગટોક ખાતે યોજાયેલ સ્કોબા એવોર્ડ વિતરણ સમારોહમાં સુરતની વરાછા કો.-ઓપરેટિવ બેંકને વેરી લાર્જ કેટેગરીમાં ત્રણ એવોર્ડ પ્રાપ્ત થયા છે. ફાયનાન્સીયલ સ્ટેબિલીટી તથા પ્રોફીટ મેનેજમેન્ટમાં શ્રેષ્ઠ કામગીરી તથા પબ્લિક રિલેશન અને સામાજિક સેવામાં પણ વરાછા બેંકે રનર્સઅપ એવોર્ડ મેળવ્યો છે. રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયાના શ્રી રવિન્દ્ર સંઘવાઈનાં હસ્તે આ એવોર્ડ અર્પણ થયા હતા.

બેંકીંગ સેવામાં નક્કર પ્રગતિ સાથે હરણફાળ ભરનાર વરાછા બેંકની કામગીરી નોંધનિય રહી છે. આર્થિક મંદીનાં સમયમાં પણ રૂ. ૨૩૮૭ કરોડના કુલ બિઝનેસ, શૂન્ય ગ્રોસ એનપીએ તથા આર્થિક માપદંડને ધ્યાને લઈને ફાયનાનસીયલ સ્ટેબીલીટીનો એવોર્ડ તથા પ્રોફિબીલીટી મેનેજમેન્ટમાં શ્રેષ્ઠ કામગીરીનો એવોર્ડ પ્રાપ્ત કર્યો છે. બેંકીંગ સેવા ઉપરાંત વરાછા બેંકની સામાજિક પ્રવૃત્તિ પણ ઉદાહરણરૂપ છે. દરેક શાખામાં શાખા વિકાસ કમિટીનો કન્સેપ્ટ માત્ર વરાછા બેંકમાં છે. પબ્લીક રિલેશન અને સામાજિક પ્રવૃત્તિમાં વરાછા બેંકના ચેરમેન શ્રી કાનજીભાઈ ભાલાળાનું નેતૃત્વ મહત્વનું રહ્યું છે.

બેંકના સ્થાપક ચેરમેન શ્રી પી. બી. ઢાકેચા, ચેરમેન શ્રી કાનજીભાઈ આર. ભાલાળા, એમ.ડી. શ્રી ભવાનભાઈ બી. નવાપરા, વાઈસ ચેરમેન શ્રી ડૉ. લવજીભાઈ નાકરાણી તથા ડિરેક્ટર શ્રી પ્રભુદાસ ટી. પટેલ, શ્રી રાજુભાઈ બાંભરોલિયા અને શ્રીમતી વિમળાબેન ધાનાણીએ એવોર્ડ સમારંભમાં હાજર રહીને આ એવોર્ડ સ્વીકાર્યા હતા.

આ ઉપરાંત બેંકીંગ ફ્રન્ટીયર મુંબઈ દ્વારા ગોવા ખાતે યોજાયેલ એફસીબીએ-૨૦૧૯ એવોર્ડ સમારોહમાં વરાછા બેંકને બેંકિંગ ફ્રન્ટીયર તરફથી બેસ્ટ એનપીએ મેનેજમેન્ટ તથા બેસ્ટ સીઈઓનો એવોર્ડ પણ એનાયત થયો છે. ગ્રોસ એનપીએ ૦ની સિદ્ધિ માટે બેસ્ટ એનપીએ મેનેજમેન્ટ તેમજ બેંકની નક્કર પ્રગતિ માટે સફળ સંચાલન બદલ બેંકનાં જનરલ મેનેજર શ્રી વિઠ્ઠલભાઈ ધાનાણીને બેસ્ટ સીઈઓનો એવોર્ડ પણ ગોવા રાજ્યનાં સહકાર મંત્રી શ્રી ગોવિંદ ગૌડે તથા ગુજરાત અર્બન બેંક ફેડરેશનનાં પ્રમુખ શ્રી જ્યોતિન્દ્ર મહેતાના હસ્તે એનાયત થયો છે.

આ કાર્યક્રમમાં બેંકનાં શ્રી વિઠ્ઠલભાઈ ધાનાણી તેમજ આસી. જનરલ મેનેજર શ્રી પરેશભાઈ કેળાવાલા ઉપસ્થિત રહ્યા હતા.

વરાછા બેંકના ચેરમેન શ્રી કાનજીભાઈ ભાલાળાએ કહ્યું કે, સ્કોબા દ્વારા શ્રેષ્ઠ કામગીરી બદલ બેંકને ત્રણ એવોર્ડ મળ્યા બાદ બેંકીંગ ફ્રન્ટીયર તરફથી મળેલા વધુ બે એવોર્ડથી બેંકની સિલ્વર જ્યુબિલી વર્ષની ઉજવણીનો ઉત્સાહ વધી ગયો છે. અદ્યતન ટેકનોલોજી થકી ગ્રાહકોને બેંકીંગ સેવા આપવા સાથે અમારી બેંક સામાજિક ઉત્તરદાયિત્વ પણ નિભાવી રહી છે.






# શ્રી સૌરાષ્ટ્ર પટેલ કેળવણી મંડળ

## કુમાર અને કન્યા છાત્રાલય આયોજિત

## છઠ્ઠો રમતોત્સવ (તા.૨૬/૦૧/૨૦૨૦)

### છઠ્ઠા રમતોત્સવના સ્પોન્સરને અભિનંદન

**ડ્રેસ સ્પોન્સર**

શ્રી રાજેશભાઈ ધીરૂભાઈ ગોંડલિયા

KAKA® PVC PROFILE
"Smart People, Smart Choice"

KAKA PVC PROFILE PVT. LTD.

**મેડલ સ્પોન્સર**

રમેશભાઈ કાનાણી - દિક્ષીત કાનાણી
મેહુલ કાનાણી - જયરાજ કાનાણી

D. KANANI GROUP

D KANANI GROUP, AHMEDABAD

**મુખ્ય સ્પોન્સર**



વીર સાવરકર મોર્નીંગ ગૃપ, બાપુનગર

શ્રી દિલીપભાઈ કોઠિયા, શ્રી વિનુભાઈ ગેવરિયા,
શ્રી બાબુભાઈ વોરા, શ્રી નરેશભાઈ જોગાણી,
શ્રી ભરતભાઈ ભુવા,
શ્રી એન. કે. પટેલ (મામલતદાર),
શ્રી ધીરૂભાઈ ઝાલાવાડિયા (નાયબ મામલતદાર),
શ્રી ભૂપતભાઈ ભાલાળા, શ્રી મુકેશભાઈ વેકરિયા
અને ગૃપ મેમ્બર્સ

**કો-સ્પોન્સર**

ARYA FINANCIAL SERVICES

Aarya Group

*Home Loan,*
*Mortgage Loan,*
*Machinary Loan,*
*Project Loan, OD/CC Loan*

436-440, Royal Arcade, Sarthana Jakat Naka,
Varachha Road, Surat. Mo. 98795 31183

**કો-સ્પોન્સર**

TRIRANGA INFRA, AHMEDABAD

શ્રી સુજીતકુમાર પટેલ (સાવલિયા)
ભુતપૂર્વ વિદ્યાર્થી - કુમાર છાત્રાલય
શ્રીમતી રીનાબેન સુજીતકુમાર સાવલિયા
ભુતપૂર્વ વિદ્યાર્થી - કન્યા છાત્રાલય

તા.ક. : છઠ્ઠા રમતોત્સવના અન્ય સ્પોન્સર્સ આવકાર્ય છે.




# Palash
A Centre For Fetal Medicine

## ડૉ. રીપલ ગેવરીયા પરીખ
MS (Obs. & Gyn.)
Fetal Medicine Consultant
ગર્ભસ્થ શિશું નિષ્ણાંત



Voluson
E8 BT-18 radiance




### ઉપલબ્ધ સુવિધાઓ

- એનટી સ્કેન (NT Scan)
- એનોમલિ સ્કેન (Anomaly / TIFFA Scan)
- જીનેટીક સોનોગ્રામ (Genetic Sonogram)
- 3D - 4D સોનોગ્રાફી
- ફિટલ ઇકો (Fetal ECHO)
- ફિટલ ગ્રોથ એન્ડ ડોપ્લર સ્ટડી (Fetal Growth & Doppler Study)
- કોરીઓનિક વિલસ સેમ્પલિંગ (CVS)
- એમ્નીઓસેન્ટેસીસ (Amniocentesis)
- ફિટલ રીડક્શન (Fetal Reduction)
- કોરડોસેન્ટેસીસ (Cordocentesis)

૩૦૧, સેન્ટોરીની સ્કેવર, સ્ટાર બઝાર ની સામે, અભિશ્રી કોમ્પલેક્ષ ની પાછળ, પ્રેરણાતીર્થ દેરાસર રોડ સેટેલાઇટ, અમદાવાદ.
ફોન : 079-40032225 / 91067 66360 Email : dr.ripal@palashfetalmedicine.com - Web : palashfetalmedicine.com

# લગ્ન વિષયક



નામ : પીપળિયા પાર્થ પ્રફૂલભાઈ
સરનામું : ૭૬, પ્રસ્ટીજ બંગ્લોઝ, સ્મૃતિ મંદિરની બાજુમાં, પુનિતનગર રોડ, ઘોડાસર, અમદાવાદ-380 050
ફોન : (ઘર) 95584 77331
મોબાઈલ : 80004 32186
ઈ-મેઈલ : parth.patel3376@gmail.com
જન્મ તા. : 1-3-94 ઉંચાઈ : 5'8" વજન : 65 kg.
અભ્યાસ : મિકેનીકલ એન્જિનિયર
મૂળ વતન : ગામ-કેશોદ, તા.કેશોદ, જિ.જૂનાગઢ
મોસાળ : કુંભાણી, ગામ-જૂનાગઢ, તા.જિ.જૂનાગઢ
પસંદગી : હાઈ એજ્યુકેશન, સુંદર દેખાવ
નોકરી/ધંધો : પ્લાસ્ટિક બોટલ મેન્યુફેક્ચરિંગ



નામ : ડુમ્મર ધ્વનિ કનુભાઈ (ગ્રીન કાર્ડ હોલ્ડર)
સરનામું : ૫૭, પથિક બંગ્લોઝ, મંગલ પાંડે હોલની બાજુમાં, વિરાટનગર-નીકોલ ગામ રોડ, અમદાવાદ-382 750
ફોન : (ઘર) 7572877708
મોબાઈલ : +1 407 - 3836769
ઈ-મેઈલ : k.g.patel55@gmail.com
જન્મ તા. : 11-11-91 ઉંચાઈ : 5'6" વજન : 58 kg.
અભ્યાસ : B.Sc. (Geology), ગુજરાત યુનિ. (સિટીઝનશીપ નજીકમાં)
મૂળ વતન : ગામ-મોટા આંકડિયા, તા.જિ.અમરેલી
મોસાળ : સાટોડિયા, ગામ-ગોંડલ, તા.ગોંડલ, જિ.રાજકોટ
પસંદગી : આઈટી/કોમ્પ્યુટર/મીકેનીકલ/ઈલે. એન્જિનિયર H1-USA
નોકરી/ધંધો : UPSમાં નોકરી



નામ : પટેલ આદિત્ય જયંતભાઈ
સરનામું : ૨, સીન્ડીકેટ સોસાયટી, કેશવ બાગ વાડીની બાજુમાં, નવા વાડજ, અમદાવાદ-13
ફોન : (ઘર) 27644851
મોબાઈલ : 99981 11951
ઈ-મેઈલ : aditya.patel0077@gmail.com
જન્મ તા. : 7-1-90 ઉંચાઈ : 6'1" વજન : 89 kg.
અભ્યાસ : માસ્ટર ઓફ પ્રોફેશનલ એકાઉન્ટીંગ એન્ડ બિઝનેસ
મૂળ વતન : ગામ-વેળાવદર, તા.જિ.ભાવનગર
મોસાળ : કુંભાણી, ગામ-બરવાળા બાવીસી, તા.કુંકાવાવ, જિ.અમરેલી
પસંદગી : સંસ્કારી, સારુ ભણતર
નોકરી/ધંધો : હોબાર્ટ - તાસમાનીયા, ઓસ્ટ્રેલીયા નોંધ : ઓસ્ટ્રેલીયાથી ૨૩/૧૦ ઈન્ડિયા આવે છે.



નામ : કાનાણી પારસબેન ભરતભાઈ
સરનામું : ઈ-૪૦૧, ગોપીનાથ પ્રાઈડ, સંકેત બંગ્લોઝની બાજુમાં, બાપુનગર, અમદાવાદ
ફોન : (ઘર) 82387 73296
મોબાઈલ : 89803 93228
ઈ-મેઈલ :
જન્મ તા. : 24-5-92 ઉંચાઈ : 5'3" વજન : 50 kg.
અભ્યાસ : B.E. in E.C. Eng.
મૂળ વતન : ગામ-જુના સાવર, તા.અમરેલી, જિ.અમરેલી
મોસાળ : જાગાણી, ગામ-પાડરશીંગા, તા.દામનગર, જિ.અમરેલી
પસંદગી : ડોક્ટર, એન્જિનિયર, ઉચ્ચ શિક્ષણ
નોકરી/ધંધો : 12 Sci. (NEET/JEE) Teaching



નામ : કાકડિયા ગૌતમ ડાહ્યાભાઈ
સરનામું : ૧૯, તાપી બાગ સોસાયટી., પટવા બીલ્ડીંગ સામે, વરાછા રોડ, સુરત
ફોન : (ઘર)
મોબાઈલ : 99257 43101
ઈ-મેઈલ : gomzee1024@gmail.com
જન્મ તા. : 10-9-92 ઉંચાઈ : 5'8" વજન : 70 kg.
અભ્યાસ : B.Tech. in Computer Science & Eng. from NIT, Ahlahbad.
મૂળ વતન : ગામ-માંડવા, તા.ગઢડા, જિ.બોટાદ
મોસાળ : ગામ-પાંચતલાવડા, તા.લીલિયા, જિ.અમરેલી
પસંદગી :
નોકરી/ધંધો : Soft. Eng. Oracle India Pvt. Ltd., Gandhinagar



નામ : પોકિયા પૃથ્વી કનુભાઈ
સરનામું : ૨૦૨, સેતુબંધ એપાર્ટમેન્ટ, રામનગર સોસાયટી, એ. કે. રોડ, સુરત -395 008
ફોન : (ઘર)
મોબાઈલ : 8866110875
ઈ-મેઈલ : pruthviponkiya@gmail.com
જન્મ તા. : 18-9-93 ઉંચાઈ : 5'6" વજન : 52 kg.
અભ્યાસ : D.G.O., M.B.B.S.
મૂળ વતન : ગામ-સણોસરા, તા.અમરેલી, જિ.અમરેલી
મોસાળ : સરખેલિયા, ગામ-મેડી, તા.અમરેલી, જિ.અમરેલી
પસંદગી : M.D. or M.S.
નોકરી/ધંધો : P.G.



નામ : હિરપરા અમિતા વિઠ્ઠલભાઈ
સરનામું : સી/૧૧, અનુપમ કોલોની, ચિરાગ ડાયમંડ સામે, એલ.બી.શાસ્ત્રી રોડ, ઈન્ડિયા કોલોની, બાપુનગર, અમદાવાદ-382350
ફોન : (ઘર)
મોબાઈલ : 94288 14101
ઈ-મેઈલ :
જન્મ તા. : 7-4-91 ઉંચાઈ : 5'4" વજન : 54 kg.
અભ્યાસ : બી.એસ.સી., એમ.એસ.સી., હોટલ મેનેજમેન્ટ (સિંગાપુર)
મૂળ વતન : ગામ-દીતલા, તા.ધારી, જિ.અમરેલી
મોસાળ : સાવલિયા, ગામ-હનુમાનપુર, તા.ખાંભા, જિ.અમરેલી
પસંદગી : વિદેશમાં પી.આર. હોય, ભણેલ હોય
નોકરી/ધંધો : નોકરી



નામ : વાડદોરિયા શીતલ રતિલાલભાઈ
સરનામું : દુર્ગ, (છત્તીસગઢ) - ૪૪૧, પિતૃછાયા, બેંક કોલોની, વિજયનગર, દુર્ગ, (છ.ગ.) 491 001
ફોન : (ઘર) 98932 85458
મોબાઈલ : 98931 34943
ઈ-મેઈલ :
જન્મ તા. : 17-8-95 ઉંચાઈ : 5'6" વજન : 60 kg.
અભ્યાસ : B.Com., M.Com., CS રનીંગ
મૂળ વતન : ગામ-ખીજડિયા (ખારી), તા.કુંકાવાવ, જિ.અમરેલી
મોસાળ : કાછડિયા, ગામ-નાજાપુર, તા.કુંકાવાવ, જિ.અમરેલી
પસંદગી : BE / MBA / CA, સરકારી નોકરી / પ્રોફેસર
નોકરી/ધંધો : CS રનીંગ

**આપ, આ મેટ્રીમોનીયલ (લગ્ન વિષયક) જાહેરાત www.pateljeevansathi.org વેબસાઈટ પર પણ જોઈ શકો છો.**

# લગ્ન વિષયક



નામ : વસાણી જીગર ભરતકુમાર
સરનામું : એફ-૪/૫, શીવસાગર ટેનામેન્ટ, સેન્ટ મેરી સ્કૂલ પાસે, નવા નરોડા, અમદાવાદ-382 330
ફોન : (ઘર)
મોબાઈલ : 76006 46651
ઈ-મેઈલ : ggpatel@gmail.com
જન્મ તા. : 6-8-95 ઉંચાઈ : 5'9" વજન : 56 kg.
અભ્યાસ : Master in Computer Engineering
મૂળ વતન : ગામ-મહાજન પાણિયા, તા.અમરેલી, જિ.અમરેલી
મોસાળ : કાથરોટિયા, ગામ-ઓળિયા, તા.અમરેલી, જિ.અમરેલી
પસંદગી : Computer or આઈ.ટી. એન્જીનિયર
નોકરી/ધંધો : Co. જોબ



નામ : પટેલ જય રાજેશભાઈ
સરનામું : ૨૯૬૫/૬, મહાલક્ષ્મીની પોળ, ઘાંચી ઓળ, દિલ્હી ચકલા, અમદાવાદ-1
ફોન : (ઘર)
મોબાઈલ : 94087 21383
ઈ-મેઈલ : jay10.patel@gmail.com
જન્મ તા. : 18-1-91 ઉંચાઈ : 5'7" વજન : 76 kg.
અભ્યાસ : બી.ઈ., કોમ્પ્યુટર એન્જીનિયર
મૂળ વતન : ગામ-શીવરાજપુર, તા.જસદણ, જિ.રાજકોટ
મોસાળ : વાડોદરિયા, ગામ-વાવેરા, તા.સાવરકુંડલા, જિ.અમરેલી
પસંદગી : ગ્રેજ્યુએટ
નોકરી/ધંધો : Magneto IT Solution



નામ : કાછડિયા વૈભવી પંકજભાઈ
સરનામું : ૧૮, સનસીટી બંગ્લોઝ, અભિલાષા સ્કાયની સામે, ગોપાલ ચોક, નિકોલ, અમદાવાદ-382 350.
ફોન : (ઘર)
મોબાઈલ : 94264 09635
ઈ-મેઈલ : vaibhuppatel92@gmail.com
જન્મ તા. : 21-8-92 ઉંચાઈ : 5'2" વજન : 60 kg.
અભ્યાસ : M.Sc., E.C. (Electronics & Communication)
મૂળ વતન : ગામ-જલાલપુર (માંડવા), તા. સ્વા. ગઢડા, જિ.બોટાદ
મોસાળ : મેજડિયા, ગામ-પાંચતલાવડા, તા.દામનગર, જી.અમરેલી
પસંદગી : સમકક્ષ
નોકરી/ધંધો :



નામ : કથીરિયા નિરજ પરેશભાઈ
સરનામું : ૫, ઓમધારા સોસાયટી, રાજહંસ સિનેમા પાછળ, વલ્લભ બંગ્લોઝની સામે, નિકોલ-નરોડા રોડ, અમદાવાદ-382 350
ફોન : (ઘર) 99097 07012
મોબાઈલ : 90997 00922
ઈ-મેઈલ : kathiriyaniraj97@gmail.com
જન્મ તા. : 23-12-92 ઉંચાઈ : 5'9" વજન : 70 kg.
અભ્યાસ : B.E. Electrical Engineering
મૂળ વતન : ગામ-નેસાડે, તા.સાવરકુંડલા, જિ.અમરેલી
મોસાળ : ગજેરા, ગામ-ધારગણી, તા.ધારી, જિ.અમરેલી
પસંદગી : દેખાવડી, સમજુ વગેરે... વિવાહિત સ્થિતી : છુટાછેડા
નોકરી/ધંધો : ધંધો - જ્વેલરી



નામ : વડાલિયા તૃષા હિંમતભાઈ
સરનામું : વૃંદાવન, શેરી નં. ૫, આનંદ નગર, ચક્કરગઢ રોડ, અમરેલી-365 601.
ફોન : (ઘર) 93286 12723
મોબાઈલ : 85305 61761
ઈ-મેઈલ :
જન્મ તા. : 1-4-91 ઉંચાઈ : 5'4" વજન : 67 kg.
અભ્યાસ : M.B.A. Finance
મૂળ વતન : ગામ-અમરાપુર, તા. કુંકાવાવ, જિ.અમરેલી
મોસાળ : ગામ-નાના ભંડારિયા, તા.અમરેલી, જિ.અમરેલી
પસંદગી : સમકક્ષ
નોકરી/ધંધો : પ્રાઈવેટ જોબ



નામ : માંગુકિયા ભૌમિક ધીરૂભાઈ
સરનામું : બી-૩૬, રામકૃષ્ણ સોસાયટી, હીરાભાઈ ટાવરની પાછળ, સૂર્યા સીટીની બાજુમાં, ઉત્તમનગરપ મણીનગર, અમદાવાદ-8
ફોન : (ઘર) 94286 13751
મોબાઈલ : 94286 13750
ઈ-મેઈલ : bhaumik1008@yahoo.com
જન્મ તા. : 2-6-88 ઉંચાઈ : 6'0" વજન : 69 kg.
અભ્યાસ : Bachelor of Computer Application
મૂળ વતન : ગામ-ગારિયાધાર, તા.ગારિયાધારી, જિ.ભાવનગર
મોસાળ : કાંત્રોડિયા, ગામ-ધકણિયા, તા.લાઠી, જિ.અમરેલી
પસંદગી : સમકક્ષ, સંસ્કારી
નોકરી/ધંધો : Team Leader (Net Technology)
હાલ વિદેશ છે, તા.૨૫/૧૦/૧૯નાં રોજ આવે છે.

'પટેલ સુવાસ'માં લગ્ન વિષયક જાહેરાત આપેલ હશે, તેમને મેટ્રીમોનીયલ વેબસાઈટ પર જ્યાં સુધી સંબંધ ન થાય ત્યાં સુધી ફ્રી લીસ્ટીંગ આપવામાં આવશે.

આપ, મેટ્રીમોનીયલ (લગ્ન વિષયક) જાહેરાત
**www.pateljeevansathi.org**
વેબસાઈટ પર પણ જોઈ શકો છો.

**આ વેબસાઈટ પરથી જીવનસાથી પસંદ કરીને જીવનમાં સેટ થયા તે સૌને ખૂબ ખૂબ અભિનંદન...**

**જે પાત્રો લગ્નજીવનથી જોડાઈ ચૂક્યા હોય તેઓએ ફોન કરીને જાણ કરવી. જેથી તેમનું નામ લીસ્ટ / વેબસાઈટમાંથી કમી કરી શકાય.**

આપ, આ મેટ્રીમોનીયલ (લગ્ન વિષયક) જાહેરાત www.pateljeevansathi.org વેબસાઈટ પર પણ જોઈ શકો છો.



31 ઓક્ટોબર

## સરદાર જન્મ જયંતિ – રાષ્ટ્રીય એકતા દિવસ

રાષ્ટ્રના ઘડવૈયા અને અખંડ ભારતના શિલ્પી

શ્રી સરદાર વલ્લભભાઈ પટેલને તેમની જન્મજયંતિએ શત્ શત્ વંદન..

*શ્રી સૌરાષ્ટ્ર પટેલ કેળવણી મંડળ - અમદાવાદ.*

SSPKM તરફથી સૌને

# શુભ દિપાવલી

અને

# નૂતન વર્ષાભિનંદન



આપની સુખ, શાંતિ, સમૃદ્ધિ, સલામતી જળવાઈ રહે તેવી દિપાવલી પર્વની શુભેચ્છાઓ...

નવુ વર્ષ આપને યશસ્વી અને ફળદાયી નિવડે તેવી મંગલકામના...

**- શ્રી સૌરાષ્ટ્ર પટેલ કેળવણી મંડળ, અમદાવાદ**